ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

# શહેર-જિલ્લામાં કોરોનાના વધુ ૮ કેસ

**ચિંતા : શહેરમાં નવા ૩ અને ગ્રામ્યમાં નવા ૫ કેસ નોંધાયા : ગાંધીનગર શહેરમાં સમાવિષ્ટ રાંદેસણમાં બે કેસ અને એક કેસ ભાઈજીપુરામાં નોંધાયો : ગાંધીનગર તાલુકામાં એક અને કલોલમાં ૪ કેસ નોંધાયા : કેસોમાં ચડાવ-ઉતારથી તંત્ર ચિંતિત**

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર શહેરમાં કોરોનાના નવા ૩ કેસ તથા ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાના નવા પાંચ કેસ નોંધાયા છે. શહેર-જિલ્લામાં કોરોનાના કેસોમાં સતત ચડાવ-ઉતારે તંત્રની ચિંતામાં વધારો કર્યો છે.

શહેર-જિલ્લામાં કોરોનાના ઓમિક્રોન વાયરસનો જ સબ વેરિએન્ટ દેખાયો છે પણ જે રીતે કેસોમાં સતત ચડાવ-ઉતાર જોવા મળી રહ્યો છે તેણે તંત્રની ચિંતા વધારી છે. તંત્ર દ્વારા ટેસ્ટીંગના પ્રમાણમાં પણ વધારો કરવામાં આવ્યો છે. શહેર-જિલ્લામાં કોરોનાના ૨૦૦થી વધુ કેસ અત્યાર સુધીમાં નોંધાઈ ચુક્યા છે.

શહેર-જિલ્લામાં મહિલા દર્દીઓના કેસ વધુ મળી રહ્યા છે. કોરોનાના હળવા લક્ષણો પરીક્ષણમાં જણાતાં દર્દીઓ હોમ આઈસોલેશનનો વિકલ્પ વધુ પસંદ કરી રહ્યા હોવાથી તંત્રની દોડધામ વધી જવા પામી છે.

કોરોનાને લઈ તંત્રએ પણ ટેસ્ટીંગ, ટ્રેકીંગ અને ટ્રેસીંગની રણનીતિને વધુ આક્રમક બનાવવા માટે મન બનાવી લીધુ છે. શહેર-જિલ્લામાં હાલ સરેરાશ ૧૨૦૦થી વધુ લોકોના ટેસ્ટ કરવામાં આવી રહ્યા છે. આ સંખ્યામાં હજુ વધારો કરવામાં આવશે તેમ આ સૂત્રોએ જણાવ્યુ છે.

ગાંધીનગર શહેરમાં કોરોનાના આજે નવા ૩ કેસ નોંધાયા છે. આજે નોંધાયેલ કેસમાં એક મહિલા દર્દીનો સમાવેશ થાય છે. શહેરમાં આજે નોંધાયેલા કેસો બધા જ શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારમાં નોંધાયા છે.

શહેરમાં સમાવિષ્ટ રાંદેસણ ગામમાંથી આજે બે કેસ મળ્યા છે. ૬૭ વર્ષીય પુરૂષ તેમજ ૮૭ વર્ષીય વૃદ્ધાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

શહેરમાં સમાવિષ્ટ ભાઈજીપુરા ગામેથી ૪૦ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. શહેરમાં કોરોનાના કેસની સંખ્યા ૧૦૦ પર પહોંચી છે. હાલ શહેરમાં ૪૦ જેટલા દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. શહેરમાં આજે વધુ બે દર્દી રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.

શહેરમાં આજે નોંધાયેલ દર્દીઓમાં કોઈ ટ્રાવેલ હિસ્ટ્રી ધરાવતુ નથી. આજે નોંધાયેલ તમામ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે. તંત્ર દ્વારા આ દર્દીઓ કેવી રીતે સંક્રમિત થયા તેને લઈ તપાસ હાથ ધરી છે તેમજ સંપર્કમાં આવેલા લોકોને હોમ આઈસોલેટ કરવાની કામગીરી હાથ ધરી છે.

શહેરમાં વધતા જતા કેસોને લઈ તંત્રએ આઈસોલેશનના નિયમોની અમલવારી અસરકારક રીતે થાય તેમજ સર્વેલન્સ સઘન કરવા અને જાહેર સ્થાનો પર સોશ્યલ ડિસ્ટન્સીંગ જળવાઈ રહે તે જોવા માટે સૂચનાઓ આપી છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે નવા પાંચ કેસ નોંધાયા છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં નોંધાયેલ કેસમાં ત્રણ મહિલા દર્દીનો સમાવેશ થાય છે.

જિલ્લાના ગાંધીનગર તાલુકામાં એક અને કલોલમાં ૪ કેસ નોંધાયા છે. ગાંધીનગર તેમજ કલોલમાં કોરોનાએ ગતિ પકડી છે તેથી તંત્રની ચિંતા વધી છે. આ બે તાલુકાની જનતાનો દૈનિક વ્યવહાર અમદાવાદ સાથે વધુ હોવાથી અહિ વધુ કેસ નોંધાઈ રહ્યાનું મનાઈ રહ્યુ છે.

ગાંધીનગર તાલુકાના જલુન્દ્રા ગામેથી ૩૮ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

કલોલમાં ડિંગુચા ગામેથી બે કેસ મળ્યા છે. ડિંગુચામાંથી ૩૭ વર્ષીય મહિલા અને ૧૭ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ઉપરાંત ઉસ્માનાબાદ ગામેથી ૮૭ વર્ષીય વૃદ્ધનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. પાનસર ગામેથી ૫૦ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

જિલ્લામાં આજે પણ એક શ્રમિક સંક્રમિત થયાનું જણાયુ છે. જિલ્લાના ગ્રામ્યવિસ્તારમાં આજે નોંધાયેલ તમામ દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. ગ્રામ્ય વિસ્તારમાં સર્વેલન્સ વધારવા તેમજ આઈસોલેશનના નિયમોની અમલવારી અસરકારક રીતે થાય તે જોવા જણાવાયુ છે.



ઉનાળાની આકરી ગરમીમાં આંખોને જો કંઈક ઠંડક પહોંચાડતુ દશ્ય જો કંઈ હોય તો તે છે પીળા ચટ્ટાક ફૂલોથી લદાયેલ ગરમાળો... ગાંધીનગરમાં ગરમાળાનુ સૌંદર્ય ઉનાળામાં સોળે કળાએ ખીલી ઉઠે છે. વિકાસની દોડમાં અનેક વૃક્ષો ભલે કપાયા હોય પરંતુ હજુ ઘણા વિસ્તારોમાં ગરમાળાનુ સૌંદર્ય જળવાઈ રહ્યુ છે. નાના 'ગ' રોડ પર અનેક ગરમાળાઓ ખીલી ઉઠ્યા છે અને આવતા જતા રાહદારીઓનુ ધ્યાન આકર્ષી રહ્યા છે.

# શહેરમાં પાણી વિતરણની વ્યવસ્થાને અસરકારક બનાવવા નવા પમ્પ લગાવાયા

**સરિતા ઉધાન અને સે ૫ માં નવા પમ્પ લગાવવા અંદાજિત ૨ કરોડનો ખર્ચ કરાયો**

ગાંધીનગર તા ૮

શહેરના સેક્ટરોમાં આગામી દિવસોમાં ૨૪ કલાક પાણી સપ્લાય કરવા માટે નવી લાઈન નાખવામાં આવી રહી છે જયારે સેક્ટરોમાં ફોર્સથી પાણી આપવા માટે નવી મશીનરીનું કામ પણ હાથ ધરવામાં આવ્યું છે જયારે પમ્પીંગ સ્ટેશન પર અંદાજિત ૨ કરોડના ખર્ચે નવા પમ્પ પણ લગાવાયા છે નવા કુલ મળીને ૬ પમ્પને સ્ટેન્ડ બાય રખાશે ઉનાળામાં પાણી ખેંચવામાં જુના પમ્પમાં સમસ્યાઓ સર્જાતી હોવાથી તેનું પણ નિરાકરણ આવશે

શહેરમાં વર્ષો પુર્વે બે ઝોનમાં સવારે અને સાંજે પાણીનો સપ્લાય આપવામાં આવતો હતો. સરિતા ઉધાન અને ચરેડી એમ બે વોટર વર્કસ હતાં. જયારે બાદમાં સેક્ટર ૫માં ત્રીજુ વોટર વર્કસ તૈયાર કરવામાં આવ્યા બાદ શહેરમાં એક જ સમયે સવારે પાણી પુરવઠો આપવામાં આવી રહ્યો છે જો કે હજુ ગરમીની શરૂઆત થઈ રહી છે ત્યાંજ પાણીનો સપ્લાય ૬૦ એમએલડી પર પહોંચી ગયો છે. આકરી ગરમી પડવાની શરૂ થવાની સાથે પાણીનો સપ્લાય ૧૦ એમ એલ ડી વધી જાશે આવા સંજોગોમાં દાયકા જુની પમ્પિંગ મશીનરીમાં ક્ષતિ સર્જાય ત્યારે વિવિધ સેક્ટરોમાં પાણીની પોકાર ઉઠે છે આ સ્થિતિમાં પાણીનો યોગ્ય સપ્લાય પૂરો પાડવા જુની મશીનરી કારણભૂત ન બને તેના માટે સેક્ટર ૫ અને સરિતા ઉધાન બન્ને વોટર વર્કસમાં ૩-૩ નવા હેવી પમ્પ લગાડવાનું કામ કરવામાં આવ્યું છે. નવા તમામ પમ્પને સ્ટેન્ડ બાય રખાશે અલબત્ત નેટવર્ક સાથે જોડેલા જ રાખવામાં આવશે જયારે જુની મશીનરીમાં કોઈ ક્ષતિ સર્જાય ત્યારે નવા પમ્પ ને ઉપયોગમાં લેવાશે.

# મતદારયાદી સુધારણા માટે ૧૬ અને ૨૩ એપ્રિલ ખાસ ઝુંબેશ

ગાંધીનગર, તા. ૮

રાજ્યમાં ૫ મી એપ્રિલથી શરૂ થયેલ મતદારયાદી સુધારણા ઝુંબેશ માટે ૧૬ એપ્રિલ અને ૨૩ એપ્રિલ એ ખાસ ઝુંબેશના દિવસો પંચ દ્વારા જાહેર કરવામાં આવ્યા છે. ૧લી એપ્રિલ ૨૦૨૩ના રોજ ૧૮ વર્ષ પૂર્ણ કરનાર યુવાઓ મતદાર તરીકે નામ નોંધાવી શકશે.

ખાસ ઝુંબેશના આ દિવસોએ જિલ્લાના તમામ બુથ પર નામ નોંધણી, નામમાં સુધારા-વધારા, નામ કમી કરવા સહિતની અરજીઓ બુથ લેવલના ઓફિસરો હાજર રહી અને સ્વીકારશે. જિલ્લામાં ૧૩૦૦થી વધુ મતદાન મથકો છે.

જિલ્લામાં હાલ મતદાર યાદી સુધારણાની કામગીરી ઓનલાઈન અને ઓફલાઈન એમ બન્ને રીતે ચાલી રહી છે. ગાંધીનગર તાલુકાના મતદારો માટે ગાંધીનગર મામલતદાર કચેરીમાં તો ફોર્મ સ્વીકારવામાં આવે છે આ ઉપરાંત કલેક્ટર કચેરીના બીજા માળે આવેલ પ્રાંત અધિકારીની કચેરીમાં પણ આ ફોર્મ સ્વીકારવાની વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે.

વિધાનસભાની ચૂંટણીઓ સંપન્ન થયા પછી પ્રથમવાર આ મતદારયાદી સુધારણા કામગીરી હાથ ધરવામાં આવી છે. આ માટે જિલ્લા કલેક્ટર દ્વારા રાજકીય પક્ષો સાથે બેઠક પણ યોજવામાં આવી હતી તેમજ પંચે પણ ઝુંબેશને લઈ વિડીયો કોન્ફરન્સ યોજી અને જિલ્લાઓને માર્ગદર્શન આપ્યુ હતુ.

જિલ્લામાં મતદારયાદી સુધારણાને લઈ યુવાઓ દ્વારા

● અનુસંધાન પાન-૭ પર

# સેકટરોના આંતરિક વિસ્તારમાં પેવર બ્લોકની આડેધડ કામગીરીના લીધે માર્ગો નિચાણમાં ગરકાવ

**વરસાદી પાણીનો ભરાવો થતા આંતરિક રસ્તાઓ તુટી જાય છે : પેવર બ્લોક અને રસ્તા વચ્ચે યોગ્ય લેવલીંગ જળવાય તે માટે પાટનગર યોજના વિભાગનો કોર્પોરેશનને પત્ર**

ગાંધીનગર તા ૮

ગાંધીનગરના સેકટરોમાં આમ પણ આંતરિક માર્ગો ઉબડ ખાબડ હાલતમાં છે. નિયત સમયના અંતે પણ માર્ગોની સુધારણા હાથ ધરવામાં આવી નથી એકબાજુ પાણ ગટર લાઈન નવી નાંખવા માટે કામગીરી ચાલી રહી છે ત્યારે ખોદકામ પુરુ થયા બાદ જ માર્ગોના રીસરફેસીંગનુ કામ હાથ ધરવામાં આવશે. જયારે સેકટરોના આંતરિક વિસ્તાર સહીતના અન્ય માર્ગો આસપાસ આડેધડ પેવર બ્લોકની કામગીરી હાથ ધરવામાં આવતા માર્ગો નિચાણમાં ધકેલાઈ ગયા છે. જેના લીધે વરસાદી પાણીનો ભરાવો થતા માર્ગોને નુકશાન થાય છે. માર્ગોની સુધારણા પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવે છે. જયારે જાહેર નાંણાનો વ્યય થાય છે. આ સ્થિતિ નિવારવા માટે પાટનગર યોજના વિભાગ દ્વારા કોર્પોરેશનને યોગ્ય લેવલીંગ જળવાય તે માટે પત્ર પણ લખવામાં આવ્યો છે.

શહેરમાં સેકટરોમાં રોડ નેટવર્કને અનુલક્ષી અનેકવાર પ્રશ્ના ઉઠે છે. જેમાં માર્ગોનુ ઝડપથી ધોવાણ થઈ જતુ હોવાનો કકળાટ પણ પ્રબળ બને છે. જયારે આ માટે કામગીરીની ગુણવત્તા ઉપરાંત અન્ય પરિબળો વિશેષ રીતે જવાબદાર હોવાનુ સ્પષ્ટ થયુ છે. સેકટરોમાં નાગરિકોએ પોતાના ઘર આંગણે પણ પેવર બ્લોક કરાવ્યા છે. જનભાગીદારીથી હાથ ધરાયેલી આ યોજનાને યોગ્ય પ્રતિસાદ મળ્યો છે જો કે બાબત પણ સારી છે પરંતુ પેવર બ્લોકની કામગીરી દરમિયાન માર્ગો સાથે યોગ્ય લેવલીંગ ન જળવાતા માર્ગોના અસ્તિત્વ સામે પ્રશ્ન મંડરાયો છે. પેવર બ્લોકની કામગીરી દરમિયાન માર્ગોને અનુલક્ષી લેવલ ન જળવાતા સેકટરોના આંતરિક માર્ગો નિચાણમાં ગરકાવ થઈ ગયા છે. આ સ્થિતિ વચ્ચે વરસાદી દિવસોમાં સેકટરોના માર્ગો પર પાણીનો ભરાવો થાય છે. જેના લીધે રસ્તાઓનુ ધોવાણ થાય છે. જયારે સેકટરોના આંતરિક માર્ગોની નિભાવણી પાછળ કરોડો રૂપિયાના ખર્ચ ઉપર પણ પાણીઢોળ થાય છે. જાહેર નાંણાનો વેડફાટ થાય છે.

હાલ પણ સેકટરોમાં પાંચ વર્ષના અંતે માર્ગોના રીસરફેસીંગની કામગીરી હાથ ધરવા માટે આયોજન કરાયુ છે. પાણી ગટર લાઈનની કામગીરી બાદ માર્ગ સુધારણાનુ કામ હાથ ધરવામાં આવશે. જયારે માર્ગ સુધારણા પુર્વે આ માર્ગોનુ યોગ્ય લેવલીંગ જળવાઈ રહે તે માટે પેવર બ્લોક અને રસ્તાની સપાટીના લેવલનો યોગ્ય ખ્યાલ રાખવામાં આવે તેવો પણ સુર ઉઠવા પામ્યો છે.

● અનુસંધાન પાન-૭ પર



હનુમાન કથા - ગાંધીનગર શહેરમાં બે મહિનાના ટૂંકા ગાળામાં જ હનુમાનજી પર બીજી કથાનું આયોજન કરાયું છે... આ વખતે ગાંધીનગર શહેરના હાર્દસમા ટાઉનહોલ સામેની લોનમાં જાણીતા ભાગવત કથાકાર ભૂપેન્દ્રભાઈ પંડ્યા (ભાઈ)ની વ્યાસપીઠે સફળતાના જીવન શિલ્પી હનુમાનજી વિષયને લઈ આ કથાના આરંભ પૂર્વે સેક્ટર-૨૩ ખાતેથી પોથીયાત્રાનો આરંભ થઈ હતી... જેમાં મોટી સંખ્યામાં ભાવિકો જોડાયા હતા... આ કથા દરમિયાન ૧૧મી તારીખે દ્વારકાપીઠના શંકરાચાર્ય મહારાજ પણ ઉપસ્થિત રહેવાના છે... આ અગાઉ ગાંધીનગરના કુડાસણ ખાતે હનુમાન ચાલીસા કથા યોજાઈ હતી... સેક્ટર-૨૧ ખાતે પણ ફુલશંકર શાસ્ત્રીની વ્યાસપીઠે રામકથાનું પણ આયોજન થયું હતું...

# જિલ્લામાં આજે જુ. કલાર્કની સ્પર્ધાત્મક પરીક્ષા

**જિલ્લામાં આજે ૩૭,૪૦૦ પરીક્ષાર્થીઓ જુ. કલાર્કની સ્પર્ધાત્મક પરીક્ષા આપશે : જિલ્લામાં ૧૨૧ કેન્દ્રોના ૧૨૪૭ પરીક્ષા ખંડમાં પરીક્ષા : સવારે ૧૦.૩૦ વાગે રૂટો રવાના થશે : તંત્રએ તેની તમામ તૈયારીઓ પુરી કરી દીધી**

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર જિલ્લામાં આજે પંચાયત સેવા પસંદગી મંડળ દ્વારા જુનિયર કલાર્ક સંવર્ગની પરીક્ષા માટે તંત્રએ તમામ તૈયારીઓ પુરી કરી લીધી છે. આજે જિલ્લા કલેક્ટર હિતેષ કોયા, જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી સુરભિ ગૌત્તમની ઉપસ્થિતિમાં પરીક્ષા માટેના પ્રશ્નપત્રો અને અન્ય મટીરીયલ્સ સ્ટ્રોંગરૂમમાં ગોઠવી દેવાયા બાદ તેને સીલ કરી પોલીસ બંદોબસ્ત લગાવી દેવામાં આવ્યો છે.

જિલ્લા પંચાયત ખાતે હેલ્પલાઈન ચાલુ છે અને કંટ્રોલરૂમ સવારથી શરૂ થઈ જશે. જિલ્લાના ૧૨૧ કેન્દ્રો પર યોજાનાર આ પરીક્ષા માટે સવારે ૧૦.૩૦ વાગ્યાથી રૂટો રવાના થશે.

જિલ્લામાં ૧૨૧ કેન્દ્રોના ૧૨૪૭ પરીક્ષાખંડમાં ૩૭,૪૦૦ પરીક્ષાર્થીઓ ઉપસ્થિત રહેશે. પરીક્ષા માટે ૩૭ રૂટ નિયત કરવામાં આવ્યા છે. ગેરરીતિના કેસ ન બને તે માટે સીસીટીવી દરેક પરીક્ષાખંડમાં તેમજ પરિસરમાં લગાવી દેવામાં આવ્યા છે. પોલીસ દ્વારા પણ કેન્દ્રો પર બોડીવોર્ન કેમેરા સાથે તૈનાત રહેશે. તંત્રએ પણ રિક્ષાચાલકોને આકરા ભાડા પરીક્ષાર્થીઓ પાસેથી ન વસુલવા અપીલ કરી છે.

આ પરીક્ષામાં પેપરલીકને લઈને અમલી બનેલા નવા કાયદાના નિયમો લાગુ રહેશે. પરીક્ષા માટે પરીક્ષાર્થીઓ દ્વારા હોલ ટિકિટ્સ ડાઉનલોડ થઈ ચુકી છે. સમય પછી આવનાર પરીક્ષાર્થી વર્ગખંડમાં બેસી શકશે નહિ ઉપરાંત પેન, આઈ.ડી. અને કોલ લેટર સિવાય અંદર કશું જ નહિ લઈ જઈ શકાય, બુટ કે ચપ્પલ પણ નહિ તે પણ વર્ગખંડની બહાર કાઢવાના રહેશે તેમ પંચાયત બોર્ડના ચેરમેન હસમુખભાઈ પટેલે જણાવ્યુ છે.

આ પરીક્ષા માટે ખાસ તાલિમ પણ કર્મયોગીઓને આપવામાં આવી છે. જિલ્લામાં આ પરીક્ષા માટે ૨૨ ફ્લાઈંગ સ્કવોર્ડ બનાવવામાં આવ્યા છે. ૨૫ શિક્ષકો સાથેની સીસીટીવી વ્યુઈંગ ટીમ પણ જિલ્લામાં રચવામાં આવેલ છે.

દરેક કેન્દ્ર પર બોર્ડના પ્રતિનિધિ પણ ઉપસ્થિત રહેશે. જિલ્લામાં આ પરીક્ષા માટે જે ૧૨૧ કેન્દ્રો નિયત કરવામાં આવ્યા છે તેમાં ગાંધીનગર તાલુકામાં ૮૨, દહેગામમાં ૧૦, કલોલમાં ૧૪ અને માણસામાં ૧૫ કેન્દ્રો આવેલા છે.

ગાંધીનગર ડેપોમાં ઓનલાઈન રિઝર્વેશનની કામગીરી પણ કરવામાં આવી રહી છે. ડેપોએ પરીક્ષા માટે ૩૦ જેટલી બસો ફાળવી છે જેથી પરીક્ષાર્થીઓ તેના નિયત સમયે પરીક્ષાના સ્થળે પહોંચી શકે.

જિલ્લામાં તંત્ર દ્વારા પરીક્ષાને લઈ તમામ તૈયારીઓ પુરી કરી દેવામાં આવી છે. ચારથી પાંચ પરીક્ષાર્થીઓને લહિયાની સુવિધા આપવામાં આવી છે.

આમ તો આ પરીક્ષા ૨૯મી જાન્યુઆરીએ લેવાવાની હતી પરંતુ પેપરલીક થતાં પરીક્ષા રદ કરાઈ હતી અને હવે રવિવારે તે લેવાની છે. આજની આ પરીક્ષા માટે જિલ્લામાં ૧૫૦૦ જેટલા કર્મચારીઓને જુદી જુદી ફરજો સોંપવામાં આવી છે. છેલ્લા ૧૦ દિવસથી જિલ્લાનું સમગ્ર તંત્ર પરીક્ષામય બની ગયુ છે. પરીક્ષા માટેની તમામ તૈયારીઓ પૂર્ણ થઈ ગઈ છે. આ પરીક્ષામાં પહેલીવાર બાયસેગના માધ્યમથી પણ પરીક્ષા સાથે સંકળાયેલ કર્મયોગીઓને રાજ્યસ્તરેથી તાલિમ આપવામાં આવી હતી.





ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ

ટચૂકડી જાહેર ખબર દર રવિવારે

ગાંધીનગર સમાચાર

ફોન - ૨૩૨૨૨૫૭૧

ફોન - ૨૩૨૩૭૫૭૧


# જુનિયર કલાર્કની પરીક્ષાને અનુલક્ષી ડેપોમાં ૬૦ બસો જરૂરી રૂટમાં દોડવાશે

**જિલ્લામાંથી બહાર પરીક્ષા આપવા જતા પરીક્ષાર્થીઓ માટે તેમજ પરીક્ષાના અંતે પરત ફરતા ઉમેદવારોને સરળતાથી સલામત સવારી મળી રહે તે માટે ટ્રાફિક મુજબ રૂટમાં બસ સેવા ઉપલબ્ધ કરાવાશે**

ગાંધીનગર તા ૮

આજે પંચાયત સેવા સંવર્ગની જુનિયર કલાર્કની પરીક્ષાને અનુલક્ષી જરૂરી તમામ આયોજન કરી દેવાયુ છે જયારે પરીક્ષાર્થીઓને કોઈપણ પ્રકારની હાલાકી ન વેઠવી પડે તે માટે એસ ટી ડેપો કક્ષાએથી જિલ્લાના પરીક્ષાર્થીઓ માટે પણ જરૂરી બસ સુવિધાને ધ્યાનમાં રાખી આયોજન કરાયુ છે. જેમાં ઉત્તર ગુજરાત અને સાબરકાંઠા વિસ્તારમાં પરીક્ષા આપવા જતા ઉમેદવારો માટે પણ રીઝર્વેશનની વ્યવસ્થા કરી આગોતરુ આયોજન કરવામાં આવ્યુ છે જયારે આ ઉપરાંત જિલ્લામાં પણ ૩૭ હજાર જેટલા પરીક્ષાર્થીઓને ધ્યાનમાં રાખીને બેઠક વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. જેમાં બહારગામના પરીક્ષાર્થીઓની સંખ્યા પણ વિશેષ હશે જેને અનુલક્ષીને પરીક્ષાના અંતે પણ બહારના વિવિધ રૂટમાં અંદાજિત ૬૦ જેટલી બસો દોડાવાશે.

આજે પંચાયત સેવા સંવર્ગની કલાર્કની પરીક્ષાનુ આયોજન કરવામાં આવ્યુ છે. જેને અનુલક્ષી ઉમેદવારોમાં ઉત્સાહનુ મોજુ પ્રવર્તયુ છે. ગાંધીનગર જિલ્લામાંથી પણ ૩૭ હજાર જેટલા પરીક્ષાર્થીઓ કસોટીમાં હાજરી આપશે. જયારે પરીક્ષાર્થીઓની બેઠક વ્યવસ્થાને ધ્યાનમાં રાખી તંત્ર દ્વારા પુરતી તૈયારી સાથે જરૂરી તમામ સુવિધાઓ પુરી પાડવા માટે પ્લાન તૈયાર કરવામાં આવ્યો છે. જે મુજબ પરીક્ષા કેન્દ્રો પર કોઈપણ પ્રકારની ગેરરીતી ન થાય તે માટે સી સી કેમેરાની વોચ તેમજ બિલ્ડીંગના પેસેજ એરિયામાં પણ કમેરાની નઝર રહે તે મુજબ આયોજન કરાયુ છે. આ ઉપરાંત પરીક્ષાર્થીઓ પરીક્ષા કેન્દ્ર પર સમયસર પહોંચે તે માટે યોગ્ય બસ સેવા પણ ગોઠવવામાં આવી છે. ગાંધીનગર જિલ્લામાં અંદાજિત ૩૭ હજાર જેટલા પરીક્ષાર્થીઓને અનુલક્ષી વિવિધ બિલ્ડીંગોમાં બેઠક વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. જયારે જિલ્લામાંથી બહારના કેન્દ્રો પર અલબત્ત મહેસાણા સહીતના ઉત્તર ગુજરાત અને સાબરકાંઠા વિસ્તારમાં પણ પરીક્ષાર્થીઓ જવાના હોવાથી આ રૂટમાં પણ ખાસ બસ વ્યવસ્થાનુ આયોજન કરવામાં આવ્યુ છે. ગાંધીનગર એસ ટી ડેપો દ્વારા ઉત્તર ગુજરાત અને બનાસકાંઠાના રૂટમાં જવા માટે અગાઉથી જ રીઝર્વેશન

● અનુસંધાન પાન-૭ પર

# ગુજરાત સીડ્સ ઈન્ડસ્ટ્રી એસોસીએશનના પ્રમુખપદે ગાંધીનગરના ડૉ. એન.પી. પટેલ

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગરના જાણીતા ઉદ્યોગપતિ ડૉ. એન.પી. પટેલની



ગુજરાત સીડ્સ ઈન્ડસ્ટ્રી એસોસીએશનના પ્રમુખપદે વરણી થતાં ગાંધીનગરના ઉદ્યોગજગતમાં આનંદની લાગણી પ્રસરી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે વેસ્ટર્ન એગ્રી સીડ્સના મેનેજીંગ ડીરેક્ટર ડૉ. એન.પી. પટેલ શહેરની સામાજિક, ધાર્મિક સંસ્થાઓનુ નેતૃત્વ કરી રહ્યા છે. આ ઉપરાંત સેકટર-૨૮ જીઆઈડીસી વસાહતના વિકાસમાં પણ તેમની ભૂમિકા અગત્યની રહી છે.

તાજેતરમાં મળેલ ગુજરાત સીડ્સ એસોસીએશન કે જે છેલ્લા ૪૦ વર્ષથી ગુજરાત સ્ટેટ સીડ્સ પ્રોડ્યુસર એસોસીએશન તરીકે ઓળખાતુ હતુ તેની પ્રથમ સામાન્ય સભામાં પ્રમુખપદે ડૉ. એન.પી. પટેલ, ઉપપ્રમુખ પદે ગીરધરભાઈ ડી. પટેલ, સેક્રેટરી તરીકે ડૉ. પ્રાણજીવન પી. ઝવેરી અને ખજાનચી તરીકે ભાવિનભાઈ શાહની વરણી કરાઈ હતી. ગુજરાત સીડ્સ એસોસીએશન દ્વારા રાજ્યના બિયારણ ઉદ્યોગના વિકાસ માટે અવરોધરૂપ અને નડતરરૂપ પ્રશ્નોના નિરાકરણ માટે ઘનિષ્ઠ પ્રયાસો કરશે. આ ઉપરાંત એસોસીએશન તેના સભ્યોને બિયારણ વિષયક નવી ટેકનોલોજી, રાજ્ય અને કેન્દ્ર સરકારના બિયારણને લગતા કાયદાઓ અને ટેકનીકલ બાબતોની તાલીમ આપશે.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com